# સોલિસિટરનો ઉપયોગ કરવા વિશેની તમારી માર્ગદર્શિકા

The Law Society

આપણામાંથી મોટાભાગનાં લોકોને જીવનના અમુક તબક્કે નિષ્ણાત કાનૂની સલાહ મેળવવાની જરૂર પડે છે. કેટલીક સૌથી સામાન્ય બાબતો, ઘર ખરીદવું, છૂટાછેડા મેળવવા અથવા વિલ (વસિયત) બનાવવાને લગતી હોય છે. પરંતુ જો તમે તમારા પાર્ટનર (જીવનસાથી) સાથે ઘર વસાવી રહ્યાં હો, તમારો પોતાનો ધંધો શરૂ કરી રહ્યાં હો અથવા કોઈ વૃદ્ધ વ્યક્તિના પૈસાનો કારભાર કરી રહ્યાં હો, તો પણ તમને કદાચ મદદની જરૂર પડી શકે.

કાયદો અટપટો હોઈ શકે છે અને એટલા માટે તમારાથી શક્ય તેટલી સર્વોત્તમ સલાહ મેળવવાનું અગત્યનું છે. કાયદાની અને તમને થતી તેની અસરની વાત આવે ત્યારે તેમાં સોલિસિટરો (વકીલો) ઘણાં નિષ્ણાત હોય છે. આથી તમે જેના પર ભરોસો રાખી શકો તેવી કાનૂની સલાહ મેળવવા માટે કોઈ સોલિસિટરનો સંપર્ક કરો.

## સોલિસિટરની પસંદગી કરવી

લૉ સોસાઈટીની હેલ્પલાઈન કે વેબસાઈટનો ઉપયોગ કરીને તમારા વિસ્તારમાં કામ કરતા સોલિસિટરોની યાદી શોધવાનું સહેલું છે. તમારી શોધ શરૂ કરવા માટે 0870 606 2555 ઉપર ફોન કરો અથવા www.lawsociety.org.uk/findasolicitor ની મુલાકાત લો, પણ તમને ક્યા પ્રકારની સેવા જોઈએ છે તે ધ્યાનપૂર્વક વિચારી લો. તમારે વિચારવા જોઈએ તેવા કેટલાક મુદ્દા અહીં આપેલા છેઃ

### મને ક્યા પ્રકારની કાનૂની સહાયતાની જરૂર છે?

સોલિસિટરોની કોઈ પેઢી અનેક પ્રકારના કાનૂની વિષયોમાં સેવાઓ આપતી હોય તેવું બની શકે, જો કે હવેથી વધુને વધુ સંખ્યામાં સોલિસિટરો એક કે બે વિષયોમાં નિષ્ણાત બની રહ્યાં છે. તમે સામાન્ય રીતે જેમને વાપરતાં હો તે સોલિસિટરોની પેઢી જો તમારી બધી જ જરૂરતોમાં તમને મદદ કરી શકે તેમ ન હોય, તો તેઓ તમને ખુશીથી બીજા સોલિસિટર પાસે મોકલશે. અથવા, તમે ઈચ્છો તો તેઓ તમારા વતી નિષ્ણાતની સલાહ મેળવી શકે.

### મને મદદ કરવા માટેની લાયકાત તેમની પાસે છે તેની મને કેવી રીતે ખાતરી થઈ શકે?

ખાનગી પ્રેક્ટિસ કરતા બધા જ સોલિસિટરો પાસે પ્રેક્ટિસ કરવા માટેનું 'સોલિસિટર્સ રેગ્યુલેશન ઓથોરિટી' દ્વારા જારી કરવામાં આવેલું સર્ટિફિકેટ હોવું જરૂરી છે. આ એક સ્વતંત્ર નિયંત્રક (લૉ સોસાઈટી દ્વારા બનાવવામાં આવેલ) છે જેઓ તમામ સોલિસિટરોએ અનુસરવા પડે તે નિયમો નક્કી કરે છે. આનાથી ખાતરી મળે છે કે તે સોલિસિટર લાયકાત મેળવેલા (ક્વૉલિફાઈડ) છે અને જો કશુંક ખોટું થાય તો તમારી સુરક્ષા માટે તેમની પાસે ઈન્શ્યોરન્સ છે. જો તમે ચોક્કસાઈ કરવા માગતાં હો, તો તેમનું સર્ટિફિકેટ જોવા માગો (તે તમારા સોલિસિટરની ઓફિસમાં બધાંને દેખાય તેવી રીતે લગાવેલું હોવું જોઈએ) અથવા તપાસ કરવા માટે સોલિસિટર્સ રેગ્યુલેશન ઓથોરિટીને 0870 606 2555 પર ફોન કરો.

પેઢી પોતાનાં સારાં ધોરણો અને કાર્યપદ્ધતિઓ અમલમાં રાખે છે તેવું સાબિત કરતા હોય, તેવા કોઈ ગુણવત્તાના અવોર્ડ તેમને મળેલા છે કે નહિ તે પણ તમે સોલિસિટરને પૂછી શકો. જો પેઢીને અમારો 'લેક્સેલ' ગુણવત્તાનો અવોર્ડ મળેલો હોય, તો તે અમે ચોક્કસ કરી શકીશું (તમે અમને lexcel@lawsociety.org.uk પર ઈમેઈલ કરી શકો અથવા 020 7320 5933 પર ફોન કરી શકો છો).

વ્યક્તિગત સોલિસિટરો પણ કદાચ 'ક્વૉલિટી અશ્યોર્ડ એક્રેડિશન સ્કીમ્સ' (ગુણવત્તાની ચોક્સાઈ કરતી માન્યતા આપતી યોજનાઓ)નાં સભ્યો હોઈ શકે છે, જે અનેક કાનૂની વિષયોને આવરી લેવા માટે સોલિસિટર્સ રેગ્યુલેશન ઓથોરિટી દ્વારા ચલાવવામાં આવે છે. આમાંથી કોઈ એક સ્કીમમાં જોડાવા માટે, સોલિસિટરે પોતાની પાસે મહત્ત્વના પ્રમાણમાં નિષ્ણાત જ્ઞાન અને તજજ્ઞતા હોવાનું બતાવવું પડે છે. આમાંથી કોઈ એક સ્કીમનાં સભ્ય હોય તેવા તમારા વિસ્તારમાં આવેલા સોલિસિટરોની યાદી તમને અમારી વેબસાઈટ www.lawsociety.org.uk પર 'Find a Solicitor' ('સોલિસિટર શોધો') વિભાગમાંથી મળી શકશે. આ વેબસાઈટ પરથી તમને આ સ્કીમો વિશેની વધારે વિગતો પણ મળી શકશે.

### પેઢી ક્યાં આવેલી છે?

પેઢી ક્યા સ્થળે આવેલી છે તે સ્વાભાવિક રીતે જ તમારી સગવડ સાચવવા માટે વિચારવાનું હોય છે, ખાસ કરીને વૃદ્ધો, બીમાર કે અસમર્થ લોકો માટે. તમે રહેતાં હો તેની નજીકમાં આવેલી હોય તેવી પેઢીનો ઉપયોગ કરવાની તમને જરૂર છે? જો એમ હોય, તો આનાથી તમારે ઓછી શોધ કરવી પડશે. કેટલાક સોલિસિટરો તમને ઘરે મળવા આવવા માટે રાજી હોય છે, એટલે જો તમને મુસાફરી કરવામાં મુશ્કેલી પડતી હોય, તો આ વિશે પૂછી જોવું સારું છે.

### શું તેઓ લીગલ એઈડનું કામ કરે છે?

તમારી આવક ઓછી હોય અથવા તમને બેનિફિટો મળતા હોય, તો તમે કદાચ લીગલ એઈડ (કાનૂની ખર્ચામાં નાણાંસહાય) મેળવવા માટે લાયક બની શકો. તમે તમારી નજીકના સિટિઝન્સ એડવાઈસ બ્યૂરો અથવા લૉ સેન્ટરનો સંપર્ક કરીને આ જાણકારી મેળવી શકો છો. કેટલાક સોલિસિટરની પેઢીઓ લીગલ એઈડનું કામ કરતી હોય છે અને કેટલીક પેઢીઓ નથી કરતી, માટે જો તમે આ પ્રકારનું નાણાભંડોળ મેળવવા લાયક હો, તો તમારે માત્ર આ પ્રકારનું કામ કરતી પેઢીઓની જ શોધ કરવાની રહેશે. લીગલ એઈડનું કામ કરતાં સોલિસિટરોની યાદી, કમ્યૂનિટી લીગલ સર્વિસની વેબસાઈટ www.clsdirect.org.uk ઉપરથી મળી શકશે.

લીગલ એઈડનો વહીવટ લીગલ સર્વિસીસ કમિશન દ્વારા કરવામાં આવે છે, જેઓ ખાતરી કરે છે કે લીગલ એઈડનું કામ કરતી સોલિસિટરોની તમામ પેઢીઓ ઊચ્ચ ગુણવત્તાનાં ધોરણો પૂરાં કરતી હોય.

### શું તેઓ શરતી ફીના આધારે કામ કરે છે?

અંગત ઈજા સહિતના અમુક પ્રકારના કેસો માટે, તમારા સોલિસિટર કદાચ શરતી ફીના આધારે કામ કરવા તૈયાર થઈ શકે. આને સામાન્ય રીતે 'જીત નહિ તો ફી નહિ' ગોઠવણ તરીકે ઓળખવામાં આવે છે. જો તમે કેસ જીતી જાવ, તો તમારા સોલિસિટરની ફી સામાન્ય રીતે સામેના પક્ષ દ્વારા ચૂકવવામાં આવશે. જો તમે હારી જાવ, તો તમારે તમારા સોલિસિટરની ફી ચૂકવવાની હોતી નથી. તમે હારી જાવ તો સામેના પક્ષનો ખર્ચ ચૂકવવા માટે તમને કદાચ ઈન્શ્યોરન્સ પોલિસી લેવાનું કહેવામાં આવી શકે. શરતી ફી એગ્રીમેન્ટ અનેક જુદાં જુદાં પ્રકારનાં હોય છે, પણ બધા જ સોલિસિટરની પેઢીઓ આ રીતે કેસો લેવા તૈયાર હોતી નથી.

### શું તેઓ સહાનુભૂતિવાળાં હશે?

જો તમે સંબંધોમાં ભંગાણ પડવા જેવી અંગત બાબતો માટે સોલિસિટરને મળવા માગતાં હો, તો તમને જેમની સાથે વાત કરવામાં રાહતની લાગણી થાય તેવા સોલિસિટરની પસંદગી કરવાનું ઈચ્છશો. મોટાભાગના સોલિસિટરો સહાનુભૂતિવાળાં અને તમે તણાવમાં હશો તો તમારી હાલત સમજી શકે તેવાં હશે, પણ બની શકે કે તમારા જ લિંગના (પુરુષ કે સ્ત્રી) સોલિસિટર સાથે વ્યવહાર કરવાનું તમે પસંદ કરો. જો તમે આવું કરવા ઈચ્છતાં હો તો તે કહેવામાં ગભરાશો નહિ.

### તેઓ મારી ભાષા બોલશે?

અંગ્રેજી તમારી માતૃભાષા ન હોય, તો તમે સોલિસિટર શોધી રહ્યાં હો ત્યારે તમારે આ વાત જણાવવી જોઈએ. જો તમે તેમને પૂરતા સમય અગાઉથી કહ્યું હશે, તો પેઢી તમારા માટે ઈન્ટરપ્રિટર (દુભાષિયા)ની ગોઠવણ કરી આપશે, જેઓ તમારી સાથે મીટિંગોમાં હાજર રહેશે.

## અપોઈન્ટમેન્ટ કરવી

તમે એકવાર યોગ્ય પેઢી શોધી લો, એટલે તમારે અપોન્ટમેન્ટ કરવી પડશે. તમે મીટિંગમાં તમારી સાથે કોઈને લાવવા માગતાં હો, તો તેમને તેની જાણ કરો. તમારે સાથે કોઈ દસ્તાવેજો, દા.ત. ઓળખનો કે આવકનો પુરાવો વગેરેના કાગળો લઈને આવવા કે નહિ તે તેમને પૂછી જુઓ.

## તૈયાર રહો

મીટિંગ પહેલાં તમે જેટલી વધારે તૈયારી કરશો એટલો જ તમને મીટિંગમાંથી વધારે ફાયદો થશે. તમે જે મુખ્ય મુદ્દા ઉઠાવવા માગતાં હો કે જે પ્રશ્નો પૂછવા માગતાં હો, તેની યાદી બનાવી લો. લાગતાવળગતા કાગળો હોય તે ભેગા કરી લો અને તેને અમુક પ્રકારના ક્રમમાં ગોઠવી દો, જેથી તમે તે ઝડપથી જોઈ શકો. આનાથી તમારા સંજોગો વિશે સમજવાનું અને તમને યોગ્ય સલાહ આપવાનું તમારા સોલિસિટર માટે ઝડપી અને સહેલું બની જશે.

## મીટિંગમાં

મીટિંગ કેટલો સમય ચાલશે તે પૂછી લો, જેથી તમે તમારા બધા મુદ્દા વિશે વાત કરો તે પહેલાં જ અચાનક મીટિંગનો 'સમય પૂરો' થઈ જાય તેવું ન બને. તમારી નોંધો તમારી સામે જ રાખો, જેમ દરેક મુદ્દા વિશે વાત થતી જાય તેમ તેની સામે ટિક્ (ખરાની નિશાની) કરતાં જાવ, અને કહેવામાં આવેલી કોઈ વાતમાં જો તમને સમજણ ન પડે તો તે પૂછતાં ગભરાશો નહિ.

# સોલિસિટરનો ઉપયોગ કરવા વિશેની તમારી માર્ગદર્શિકા

The Law Society

છેવટે, મીટિંગ પૂરી થઈ ગયા બાદ, તેમાં તમને જે સલાહ આપવામાં આવી હોય તે ટૂંકમાં જણાવતો અને નીચેની વિગતો ચોક્કસ કરતો પત્ર તમને મોકલી આપવા માટે તમારા સોલિસિટરને કહો.

- તેમણે તમારું કામ લેવાનું સ્વીકાર્યું છે.
- તમારા કેસ અંગે પેઢીમાં રોજ-બ-રોજની કાર્યવાહી કરનાર વ્યક્તિનું નામ.
- તમારો કેસ પૂરો કરવામાં પેઢીને કેટલો સમય જોઈશે.
- ખર્ચનો અંદાજ અને પૈસા ખર્ચવા માટેની નક્કી કરવામાં આવેલી મર્યાદા.
- તમારે આપવાની હોય તેવી બીજી કોઈ વધારે માહિતી.

## સોલિસિટરના ચાર્જીસ

બીજી કોઈ પણ વસ્તુ ખરીદવામાં જેમ પૈસા ખર્ચાય છે તેવી જ રીતે કાનૂની સલાહ મેળવવામાં પણ પૈસા ચૂકવવા પડે છે, પણ તે માટેની કિંમત ઘણી મોટી હોઈ શકે છે. સોલિસિટરોના ચાર્જીસ જુદા જુદા હોય છે, અને તેનો આધાર વ્યક્તિગત સોલિસિટર કેટલા નિષ્ણાત અને અનુભવી છે તેની ઉપર અને કામ કેટલું જટિલ છે તેની ઉપર રહેલો છે.

કઈ પેઢીનો ઉપયોગ કરવો તેનો નિર્ણય લેતાં પહેલાં, તમે કદાચ બે-ત્રણ પેઢીઓમાં તેમના ભાવો પૂછી શકો. તમારે ક્યા પ્રકારના સોલિસિટર સાથે વાત કરવી પડે તેમ છે તે નક્કી કરી લો અને ઘણા બધા સોલિસિટરો પાસેથી ખર્ચનો અંદાજ મેળવો. ઘણા સોલિસિટરો પહેલા ટૂંકા ઈન્ટરવ્યૂ માટે કોઈ જ ફી લેતા નથી કે સાવ નજીવી ફી લે છે. પૂછી જોવાનું સારું છે.

જો કે, તમારે માત્ર કિંમતનો જ વિચાર કરવાનો નથી. બધા કરતાં વધારે અગત્યનું એ છે કે, તમને જેમની સાથે વાત કરવામાં રાહત જેવું લાગે અને જેમની સલાહમાં તમને સમજણ પડતી હોવાનું લાગે તેવા સોલિસિટર શોધવાનો પ્રયત્ન કરો.

### નિયત કરાયેલો કે કલાકનો દર?

સોલિસિટરો અમુક કામો માટે હંમેશાં નક્કી કરાયેલા ચાર્જ લેતા નથી. ઘણી વાર બિલની ગણતરી કલાકના દરના આધારે કરવામાં આવશે, એટલે કેસમાં જેટલો લાંબો સમય લાગે તેટલો જ તેમાં વધારે ખર્ચ થશે. સોલિસિટરે શરૂઆતમાં, સામાન્ય રીતે પહેલા ઈન્ટરવ્યૂમાં જ તમને ખર્ચનો અંદાજ આપવો જરૂરી છે.

જો કલાકનો દર જણાવવામાં આવ્યો હોય, તો તમે કેટલા પૈસા ખર્ચવા માગો છો તેની કદાચ મર્યાદા નક્કી કરવા ઈચ્છશો. જો આ મર્યાદા કરતાં વધારે ખર્ચ થવાની શક્યતાઓ હોય, તો તમારા સોલિસિટર તમારો સંપર્ક કરીને તમને ચેતવશે અને તમારું એગ્રીમેન્ટ ચાલુ રાખવા માટે તમારી પરવાનગી લેશે.

## સંપર્કમાં રહેવું

તમે એકવાર સોલિસિટર રોકી લો, એટલે દરેક અગત્યના તબક્કે તમે કેવી રીતે આગળ વધવા માગો છો તે તપાસવા માટે, તેમણે તમારી સાથે ચર્ચાવિચારણા કરવી જ જોઈએ. તે જ રીતે તમારા અંગત સંજોગોમાં જો કઈ ફેરફારો થયા હોય જે તમારા કેસને અસર કરી શકે તેમ હોય, તો તે વિશે તમારે પણ તમારા સોલિસિટરને કહેવું પડે છે. આમાં તમારી નાણાકીય પરિસ્થિતિમાં થયેલા એવા કોઈ ફેરફારોનો સમાવેશ થઈ જાય છે, જેના લીધે લીગલ એઈડ મેળવવાની તમારી લાયકાતમાં ફેરફાર થઈ શકે.

## વધારે માહિતી

સોલિસિટરો આપતાં હોય તેવી સૌથી સામાન્ય પ્રકારની કાનૂની સેવાઓને આવરી લેતી પત્રિકાઓની શ્રેણીમાંની આ એક પત્રિકા છે. શ્રેણીની બીજી પત્રિકાઓની યાદી નીચે આપવામાં આવી છે. તે તમને તમારા સોલિસિટર પાસેથી અથવા લૉ સોસાઈટીને 0870 3333 084 ઉપર ફોન કરવાથી મળી શકશે.

- તમારું મકાન ભાડે આપવા વિશેની તમારી માર્ગદર્શિકા
- ઘર ખરીદવા વિશેની તમારી માર્ગદર્શિકા
- ઘર ભાડે રાખવા વિશેની તમારી માર્ગદર્શિકા
- વિલ (વસિયત નામું) બનાવવા વિશેની તમારી માર્ગદર્શિકા
- છૂટછેડા લેવા વિશેની તમારી માર્ગદર્શિકા
- કામ ઉપર થતી સમસ્યાઓ વિશેની તમારી માર્ગદર્શિકા
- ધંધો શરૂ કરવા વિશેની તમારી માર્ગદર્શિકા
- અંગત ઈજા માટેનો દાવો કરવા વિશેની તમારી માર્ગદર્શિકા
- વૃદ્ધજનો માટેની નાણાકીય બાબતો વિશે તમારી માર્ગદર્શિકા
- તમારા જીવનસાથી સાથે ઘર વસાવવા વિશેની તમારી માર્ગદર્શિકા
- પ્રોબેટ વિશે તમારી માર્ગદર્શિકા
- અસાયલમ (રાજકીય આશ્રય)નો દાવો કરવા વિશે તમારી માર્ગદર્શિકા

**આ પત્રિકા તમને મોટા અક્ષરોમાં છાપેલી, બ્રેઈલ (અંધલિપિ)માં, ઓડિયો ટેપ ઉપર અને સીડી પર મળી શકે છે. જો તમને આમાંથી કોઈ સ્વરૂપ જોઈતું હોય, તો કૃપા કરીને અમારો આ ઈમેઈલ પર સંપર્ક કરો accessibility@lawsociety.org.uk અથવા 0870 606 2555 પર ફોન કરો.**

**આ પત્રિકા તમને જુદી જુદી ભાષાઓમાં પણ મળી શકે છે. આ તમે અમારી વેબસાઈટ www.lawsociety.org.uk પરથી મેળવી શકશો.**

Lexcel

Look for Lexcel - the mark of excellence

The Law Society 113 Chancery Lane London WC2A 1PL ફોનઃ 020 7242 1222 www.lawsociety.org.uk

સચોટ માહિતી પૂરી પાડવા માટેના અમે તમામ પ્રયત્નો કર્યા હોવા છતાં, કાયદામાં હંમેશાં ફેરફારો થયા કરે છે અને તે દરેક વ્યક્તિને જુદી જુદી રીતે અસર કરે છે. આ પત્રિકા તમારા વિશેની ખાસ અંગત સલાહના બદલામાં નથી અને તમે ફક્ત આ પત્રિકા ઉપર આધાર રાખશો તો તે માટે અમને જવાબદાર ગણી શકાશે નહિ.

Designed by dmlmarketing.co.uk Version 2, 2007 Your guide to using a solicitor - Gujarati